**ત્રીજી અતારાંકિત યાદી**
**સભાગૃહના મેજ પર મૂક્યા**
**તારીખઃ– ૧૧/૧૨/૨૦૧૯**

# ચૌદમી ગુજરાત વિધાનસભા
## પાંચમું સત્ર, ૨૦૧૯
## અતારાંકિત પ્રશ્નોત્તરી

### આઈ.એ.એસ. અધિકારીઓને રાજ્ય બહાર વિદેશમાં તાલીમ

અતારાંકિતઃ ૫૭૩૨ (૨૫–૦૬–૧૯) **શ્રી અમિત ચાવડા** (આંકલાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કેટલા આઈ.એ.એસ. અધિકારીશ્રીઓને રાજ્ય બહાર/ વિદેશમાં તાલીમ/અભ્યાસ માટે મંજુરી આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ સદર અધિકારીઓના શિક્ષણ/તાલીમ પાછળ રાજ્ય સરકારે કેટલી રકમ ખર્ચ કરી?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૧૬–૧૦–૧૯)

(૧) ૮૫

(૨) રૂ. ૯,૪૩,૮૬૭/–

--------

### બોર્ડ–કોર્પોરેશનમાં નિવૃત્તિ પછી ફરજ બજાવતા કર્મચારીઓ

અતારાંકિતઃ ૬૨૦૫ (૩૦–૦૮–૧૯) **શ્રી લલિત વસોયા** (ધોરાજી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સરકારના વિવિધ વિભાગો, બોર્ડ–કોર્પોરેશનોમાં નિવૃત્તિ પછી કરાર આધારિત નિમણુંકોથી ફરજ બજાવતાં કર્મચારીઓની યાદીઓ તૈયાર કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આવા કર્મચારીઓની સંખ્યા કેટલી છે,

(૩) ઉક્ત કર્મચારીઓ પૈકી ૬૦ વર્ષ અને ૬૨ વર્ષ કરતાં વધુની વય ધરાવતા કર્મચારીઓ કેટલા છે,

(૪) નિવૃત્તિ બાદ ૬૨ વર્ષ પછી કરાર આધારિત નિમણૂક ન આપવા સંબંધે કોઈ પરીપત્ર/ઠરાવ છે કે કેમ, અને

(૫) ઉક્ત પરીપત્ર/ઠરાવનું કડક પાલન થાય તે માટે સરકારે શું પગલાં લીધાં?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૩૦–૦૯–૧૯)

(૧) ના

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ના. પરંતુ સા.વ.વિ.નાં તા.૭/૭/૨૦૧૬નાં ઠરાવથી નિવૃત્તિ બાદ ૬૨ વર્ષ સુધી કરાર આધારિત નિમણૂંક આપવાની સૂચના છે.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાષ્ટ્રીય બાગાયત અભિયાન હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ**

અતારાંકિતઃ ૫૯૫૦ (૨૦–૦૮–૧૯) **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાષ્ટ્રીય બાગાયત અભિયાન હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૬–૯–૧૯)

(૧)

| **વર્ષ (નાણાકીય વર્ષ)** | **ફાળવેલ રકમ રૂ. લાખમાં** |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૦૯૪૭.૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૯૨૭૬.૬૧ |
| ૨૦૧૬–૧૭ | ૬૫૪૫.૦૦ |
| ૨૦૧૭–૧૮ | ૮૮૭૩.૬૧ |
| ૨૦૧૮–૧૯ | ૯૫૨૫.૦૦ |
| ૨૦૧૯–૨૦ | – (૩૦/૬/૧૯ની સ્થિતિએ) |

**નોંધ :** ચાલુ વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન તા.૨૨/૫/૧૯ અને તા.૨૩/૮/૧૯ના પત્રથી ચાલુ વર્ષની ગ્રાન્ટ માટે ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨)

| **વર્ષ (નાણાકીય વર્ષ)** | **વર્ષવાર ખર્ચ થયેલ રકમ રૂ. લાખમાં** |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૭૮૧૧.૨૪ |
| ૨૦૧૫–૧૬ | ૮૨૭૫.૨૬ |
| ૨૦૧૬–૧૭ | ૭૦૦૨.૫૮ (અગાઉના વર્ષની રીવેલિડેટેડ બચત ગ્રાન્ટની રકમ યોજનાકીય કામગીરી સારૂ ખર્ચ કરવામાં આવેલ છે.) |
| ૨૦૧૭–૧૮ | ૭૫૯૯.૨૩ |
| ૨૦૧૮–૧૯ | ૭૯૧૦.૮૧ |
| ૨૦૧૯–૨૦ | –(૩૦/૦૬/૧૯ની સ્થિતિએ) |

--------

**રાજ્યમાં કરૂણા એમ્બ્યુલન્સ–૧૯૬૨ શરૂ કરવા બાબત**

અતારાંકિતઃ ૬૦૭૯ (૦૯–૯–૧૯) **શ્રી અંબરીષ ડેર** (રાજુલા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કરૂણા એમ્બ્યુલન્સ–૧૯૬૨ શરૂ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કયા જિલ્લામાં ઉક્ત સેવા શરૂ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કયા જિલ્લામાં આ સેવા શરૂ કરવાની બાકી છે તે ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૯–૧૦–૧૯)

(૧) હા, જી.

(૨) રાજ્યના ૩૩ જિલ્લા મથકે (શહેરી વિસ્તાર પુરતી સિમિત).

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાંથી ગીર ગાયની નિકાસ પર પ્રતિબંધ**

અતારાંકિતઃ ૬૦૮૦ (૩૦–૦૮–૧૯) **શ્રી અંબરીષ ડેર** (રાજુલા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાંથી ગીર ગાયની નિકાસ બીજા રાજ્યોમાં કરવા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત પ્રતિબંધ ક્યારે મુકવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાંથી કેટલી ગીર ગાય અન્ય રાજ્યોમાં ગેરકાયદેસર નિકાસ કરવાનું સરકારના ધ્યાને આવ્યુ, અને

(૪) ગેરકાયદેસર ગીર ગાયનું અન્ય રાજ્યમાં નિકાસ કરનાર સામે શા પગલાં લીધાં ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧–૧૦–૧૯)

(૧) હા, જી

(૨) તા.૨૨/૧૦/૨૦૧૩ થી

(૩) ૬૪ ગીર ગાય

(૪) સબંધિત કચેરીના નિયંત્રણ અધિકારી (અ) કલેક્ટરશ્રી જુનાગઢ (બ) કલેક્ટરશ્રી રાજકોટ (ક) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી વડોદરાને સબંધિતો સામે નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવેલ છે.

––––––––

**રાજ્યમાં સ્વાયત શાળા સંચાલનમાંથી ગ્રાન્ટેડ શાળાઓમાં ફેરવવા માટેની માંગણી**

અતારાંકિતઃ ૩૮૨૫ (૧૮–૧૨–૧૮) **શ્રી સુખરામભાઇ રાઠવા** (જેતપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જીલ્લાવાર પ્રાથમિક શાળાઓને સ્વાયત શાળા સંચાલનમાંથી સરકાર ગ્રાન્ટેડ શાળાઓમાં ફેરવવા માટે કેટલી સંસ્થાઓએ માંગણી કરી, અને

(૨) તે પૈકી કેટલી સંસ્થાઓની માંગણીઓ સરકારે ગ્રાહ્ય રાખી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૩–૮–૧૯)

(૧) શૂન્ય, શાળા ગ્રાન્ટેડ કરવાની નીતિ હાલમાં અમલમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

––––––––

**રાજ્યમાં નવી ખાનગી શાળાઓની ગ્રાન્ટ ઇન એડ માટેની અરજીઓ**

અતારાંકિતઃ ૪૨૮૭ (૦૧–૦૧–૧૯) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં કેટલી ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની ગ્રાન્ટ ઇન એડ માટેની અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી શાળાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૪–૮–૧૯)

(૧) પ્રાથમિક : ૦ (શૂન્ય), શાળા ગ્રાન્ટેડ કરવાની નીતિ હાલમાં અમલમાં નથી.

માધ્યમિક : ૧ (એક) અરજી મળી, શાળા ગ્રાન્ટેડ કરવાની નીતિ હાલમાં અમલમાં નથી.

(૨) પ્રાથમિક : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

માધ્યમિક : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

––––––––

### હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ દ્વારા ગેરરીતી

અતારાંકિતઃ ૪૮૨૪ (૦૩–૦૧–૧૯) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ)**: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિએ એમ.બી.એ. વિભાગમાં પ્રોફેસરોની નિમણુંકમાં કરેલ ગેરરીતીની તપાસ અંગે રાજ્ય સરકારે ડૉ.કે.એ.પટેલ કમીટીની રચના કરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો નવેમ્બર–૨૦૧૮ની સ્થિતિએ આ કમીટીનો રીપોર્ટ રાજ્ય સરકારને કયારે સોંપવામાં આવ્યો,

(૩) આ રીપોર્ટમાં કુલપતિ સામે કયા ક્યા પ્રકારની ગેરરીતિઓ દર્શાવવામાં આવી છે, અને

(૪) ઉક્ત રીપોર્ટના આધારે રાજ્ય સરકારે શાં પગલા લીધા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૩–૯–૧૯)

(૧) ના, જી. આવી કોઇ કમીટી બનાવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### રાજ્યમાં ટ્રસ્ટ સંચાલિત નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ કરવાની માંગણીઓ

અતારાંકિતઃ ૬૧૦૧ (૨૭–૦૮–૧૯) **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા)**: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલી ટ્રસ્ટ સંચાલિત નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓને ગ્રાન્ટેડ કરવાની માંગણી મળી,

(૨) તે અન્વયે વર્ષવાર, જિલ્લાવાર કેટલી શાળાની માંગણી મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓની માંગણી શા કારણોસર પડતર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૯–૧૦–૧૯)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### જીએસટી પેટે કેન્દ્ર સરકારને આવક

અતારાંકિતઃ ૫૭૫૭ (૧૨–૦૭–૧૯) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જીએસટી પેટે રાજ્યમાંથી કેન્દ્ર સરકારને કેટલી આવક થઇ,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વળતર પેટે કેન્દ્ર સરકાર પાસેથી કેટલી રકમ લેવાની થાય છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને મળી અને કેટલી બાકી છે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા)**:** (૩૦–૦૮–૧૯)

(૧) કેન્દ્ર સરકારને લગતો વિષય હોઇ અત્રે લાગુ પડતો નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

--------

**રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. ઉપર વેરો વસુલવા બાબત**

અતારાંકિતઃ ૫૯૧૨ (૨૯–૦૮–૧૯) **શ્રી પુનમભાઇ પરમાર** (સોજીત્રા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર કેટલો વેરો લેવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાંથી જિલ્લાવાર રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી પરના વેરા પેટે કેટલી રકમ સરકારને મળી?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) **:** (૨૫–૧૦–૨૦૧૯)

(૧)

| વિગત | વેટ | સેસ | CGST | SGST |
|---|---|---|---|---|
| રાસાયણિક ખાતર | – | – | ૨.૫% | ૨.૫% |
| પેટ્રોલ | ૧૭% | ૪% | – | – |
| ડીઝલ | ૧૭% | ૪% | – | – |
| સી.એન.જી. | ૧૫% | – | – | – |
| પી.એન.જી. | ૧૫% | – | – | – |

(૨) * પત્રક – અ મુજબ

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્ય સરકારને જી.એસ.ટી./વેટ ન ચુકવતાં વેપારીઓની ટાંચમાં લીધેલ મિલકતો**

અતારાંકિતઃ ૬૧૩૧ (૨૯–૦૮–૧૯) **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં વેટ/જીએસટીની રકમ ન ચુકવતા કેટલા વેપારીઓની મિલકતો ટાંચમાં લીધી,

(૨) ટાંચમાં લીધેલ મિલકતોની હરાજી પેટે કેટલી રકમની વસુલાત થઇ, અને

(૩) હરાજી ન થઇ હોય તો તેના મુખ્ય કારણો શા છે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા)**:** (૧૫–૧૦–૧૯)

(૧)

| ક્રમ | સમય | વેચાણવેરો/વેટ/જીએસટી |
|---|---|---|
| ૧ | ૦૧–૦૭–૨૦૧૪ થી ૩૦–૦૬–૨૦૧૫ | ૨૬ |
| ૨ | ૦૧–૦૭–૨૦૧૫ થી ૩૦–૦૬–૨૦૧૬ | ૫૫ |
| ૩ | ૦૧–૦૭–૨૦૧૬ થી ૩૦–૦૬–૨૦૧૭ | ૩૯ |
| ૪ | ૦૧–૦૭–૨૦૧૭ થી ૩૦–૦૬–૨૦૧૮ | ૫૭ |
| ૫ | ૦૧–૦૭–૨૦૧૮ થી ૩૦–૦૬–૨૦૧૯ | ૭૦ |
| | **કુલ** | **૨૪૭** |

(૨) રૂ. ૩,૯૩,૨૩,૩૮૦/–

(૩) હરાજીમાં કોઇ ખરીદનાર હાજર ના રહેવાને કારણે અથવા વિવિધ કોર્ટોના મનાઇ હુકમને કારણે અથવા એકમ લીકવીડેશનમાં ગયેલ હોવાથી અથવા હરાજીની પ્રક્રિયા ચાલુ હોવાથી.

--------

**રાજ્યમાં રાંધણગેસના બાટલાનો દુરૂપયોગ**

અતારાંકિતઃ ૬૦૦૮ (૨૮–૦૮–૧૯) **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર રાંધણગેસના દુરૂપયોગ અંગે કેટલા દરોડા પાડી કેટલા ગેસ સીલીન્ડર જપ્ત કરવામાં આવ્યા,

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા ઇસમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) રાંધણગેસના બાટલાના દુરૂપયોગમાં કેટલી એજન્સીઓ સંડોવાયેલી હતી તેમની સામે શાં પગલાં ભરવામાં આવ્યા?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૦૨–૧૧–૧૯)

(૧) અને (૨) તા. ૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર રાંધણગેસના દુરૂપયોગ અંગે દરોડા પાડી ગેસ સીલીન્ડર જપ્ત કરવામાં આવ્યાં અને ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર ઇસમો સામે કાર્યવાહી કરવામાં આવી તેની વિગતો * પત્રક–૧ મુજબ છે.

(૩) રાજ્યમાં રાંધણગેસના બાટલાના દુરૂપયોગમાં સંડોવાયેલી એજન્સીઓ અને તેમની સામે લીધેલ પગલાંની વિગતો * પત્રક–૨ મુજબ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં માસવાર કેન્દ્રએ ફાળવેલ અનાજનો જથ્થો**

અતારાંકિતઃ ૬૦૪૫ (૨૮–૦૮–૧૯) **શ્રી લલિતભાઇ કગથરા** (ટંકારા): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં તા. ૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં માસવાર કેન્દ્ર સરકારે કેરોસીન, ઘંઉ, ચોખા, અનાજનો કેટલો જથ્થો ફાળવ્યો, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારે માસવાર કેટલો જથ્થો ઉપાડ્યો?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૦૧–૧૧–૧૯)

(૧) રાજ્યમાં તા. ૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં માસવાર કેન્દ્ર સરકારે ટાર્ગેટેડ પબ્લીક ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ હેઠળ ફાળવેલ અનાજ (ઘંઉ– ચોખા)ની વિગત *પત્રક–૧–અ મુજબ, રાજ્ય સરકાર દ્વારા નેશનલ ફૂડ સિક્યુરીટી એક્ટ–૨૦૧૩ની અમલવારી તા. ૧–૪–૨૦૧૬ થી કરાતા નેશનલ ફૂડ સિક્યુરીટી એક્ટ હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ અનાજ (ઘંઉ–ચોખા)ની વિગત *પત્રક–૧–બ મુજબ તથા કેન્દ્ર સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૨૨,૯૩,૧૯૬ કિલો લીટર કેરોસીનનો જથ્થો ફાળવેલ છે જેની વિગત *પત્રક ૧–ક મુજબની છે.

(૨) રાજ્ય સરકારે તા. ૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં માસવાર ટાર્ગેટેડ પબ્લીક ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ હેઠળ ઉપાડ કરેલ અનાજ (ઘંઉ, ચોખા)ની વિગત *પત્રક–૨–અ મુજબ, તથા રાજ્ય સરકાર દ્વારા નેશનલ ફૂડ સિક્યુરીટી એક્ટ–૨૦૧૩ની અમલવારી તા. ૧–૪–૨૦૧૬ થી કરાતા નેશનલ ફૂડ સિક્યુરીટી એક્ટ હેઠળ ઉપાડ કરેલ અનાજ (ઘંઉ– ચોખા)ની વિગત *પત્રક–૨–બ મુજબ તથા છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારે કુલ ૨૨,૯૦,૦૬૫ કિલો લીટર કેરોસીનનો ઉપાડ કરેલ છે જેની વિગત *પત્રક ૨–ક મુજબની છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં જિલ્લાવાર રેશનીંગની દુકાનોની તપાસ**

અતારાંકિતઃ ૬૧૯૦ (૩૦–૦૮–૧૯) **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** (ખેડબ્રહ્મા): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી રેશનીંગની દુકાનોની તપાસ કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર તેમાંથી કેટલી દુકાનોમાં ગેરરીતિ પકડાઇ, અને

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કુલ કેટલી કિંમતનો કેટલો ગેરકાયદેસર જથ્થો પકડાયો?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી:** (૦૧-૧૧-૧૯)

(૧), (૨) અને (૩) તા. ૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર રેશનીંગની દુકાનોની કરવામાં આવેલ તપાસની વિગત, દુકાનોમાં ગેરરીતિ અંગેની વિગત અને ગેરકાયદેસર પકડાયેલ જથ્થાની વિગત *પત્રક ૧ મુજબની છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં રાંધણગેસના બાટલાનો દુરૂપયોગ**

અતારાંકિતઃ ૬૨૦૯ (૩૦-૦૮-૧૯) **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર રાંધણગેસના દુરૂપયોગ અંગે કેટલા દરોડા પાડી કેટલા ગેસ સીલીન્ડર જપ્ત કરવામાં આવ્યા,

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા ઇસમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) રાંધણગેસના બાટલાના દુરૂપયોગમાં કેટલી એજન્સીઓ સંડોવાયેલી હતી તેમની સામે શાં પગલાં ભરવામાં આવ્યા?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૦૧-૧૧-૧૯)

(૧) અને (૨) તા. ૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર રાંધણગેસના દુરૂપયોગ અંગે દરોડા પાડી ગેસ સીલીન્ડર જપ્ત કરવામાં આવ્યાં અને ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર ઇસમો સામે કાર્યવાહી કરવામાં આવી તેની વિગતો *પત્રક-૧ મુજબ છે.

(૩) રાજ્યમાં રાંધણગેસના બાટલાના દુરૂપયોગમાં સંડોવાયેલી એજન્સીઓ અને તેમની સામે લીધેલ પગલાંની વિગતો *પત્રક-૨ મુજબ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

અતારાંકિતઃ ૫૧૬૦ (૨૧-૦૧-૧૯) **શ્રી ભીખાભાઇ જોષી** (જુનાગઢ): **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે,

(૨) તેની પાછળ વર્ષવાર, જિલ્લાવાર કેટલો ખર્ચ થયો, અને

(૩) વાવેતર કરેલ રોપાઓ પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા રોપાઓ જીવીત છે અને કેટલા રોપાઓ મૃત્યુ પામ્યા?

**વન મંત્રીશ્રી :** (૩૦-૦૭-૧૯)

(૧), (૨) અને (૩) આ સાથે સામેલ *પત્રક-૧ માં જણાવ્યા મુજબ.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**ખેડૂતોના પાકને નુકસાનકર્તા નીલગાય-રોઝને મારવાની સત્તા**

અતારાંકિતઃ ૫૭૯૭ (૦૬-૦૯-૧૯) **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોના પાકને નુકસાનકર્તા નીલગાય-રોઝને મારવાની સત્તા ગ્રામ પંચાયત/સરપંચને આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ઉક્ત સત્તાનો ઉપયોગ કરી કેટલા નીલગાય-રોઝને મારવામાં આવ્યા?

**વન મંત્રીશ્રી :** (૦૫–૧૧–૧૯)

(૧) હા, જી.

(૨) છેલ્લા પાંચ વર્ષમાં ઉક્ત સત્તાનો ઉપયોગ કરી કોઇ નીલગાય–રોઝને મારવામાં આવેલ નથી.

--------

**રાજ્યમાં ટીમરૂના પાન વીણનાર મજૂરોને પૂડાદીઠ રકમ**

અતારાંકિતઃ ૫૮૩૨ (૨૭–૦૮–૧૯) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૧૯ ની સ્થિતિએ રાજ્યમાં ટીમરૂના પાન વીણનારા મજૂરોને ૪૫ થી ૫૫ પાનના એવા પૂડાદીઠ કેટલી રકમ ચુકવવામાં આવે છે,

(૨) આ રકમમાં છેલ્લે ક્યારે અને કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો હતો, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ રકમમાં વધારો કરવાનું કોઇ આયોજન છે કે કેમ?

**વન મંત્રીશ્રી :** (૧૪–૧૦–૧૯)

(૧) તા. ૩૦–૦૬–૧૯ ની સ્થિતિએ રાજ્યમાં ટીમરૂના પાન વીણનારા મજૂરોને ૪૫ થી ૫૫ પાનના એવા પૂડા દીઠ રૂ. ૧.૧૦ ચુકવવામાં આવે છે.

(૨) ઉક્ત રકમમાં છેલ્લે તા. ૦૧–૦૧–૨૦૧૭ થી રૂ.૦.૨૦ નો વધારો કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ રકમમાં વધારો કરવાનું હાલમાં કોઇ આયોજન નથી.

--------

**કચ્છ જિલ્લામાં વન વિસ્તારમાં મીઠાના અગર**

અતારાંકિતઃ ૫૯૮૨ (૨૯–૦૮–૧૯) **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં વન વિસ્તારમાં મીઠાના અગર આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલા અને કોને મીઠાના અગર માટે વન વિભાગની કેટલી જમીન ભાડે / લીઝ વેચાણથી આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ભાડે / લીઝથી આપેલ જમીન પેટે સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ?

**વન મંત્રીશ્રી :** (૧૪–૧૦–૧૯)

(૧) ના, જી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ચિરંજીવી યોજના અન્વયે તબીબોને અપાતું વળતર**

અતારાંકિતઃ ૫૮૫૬ (૨૯–૦૮–૧૯) **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં માતા અને બાળ મૃત્યુદર ઘટાડવા સરકારે ચિરંજીવી યોજના શરૂ કરી છે, તે અન્વયે તબીબોને ડીલીવરી દિઠ કેટલી રકમનું વળતર અપાય છે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૧૫–૧૦–૧૯)

પ્રસુતી સંબંધિત સેવાઓ માટે ખાનગી આરોગ્ય સંસ્થા તથા ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલો જો આ યોજનામાં જોડાય તો તેઓને પ્રવર્તમાન પ્રમાણ અને આનુસાંગિક પરિક્ષણો વગેરે લક્ષ્યમાં લઈ ૧૦૦ ડિલીવરી પેકેજના રૂ.૩,૮૦,૦૦૦/– એટલે કે પ્રસુતિ દીઠ રૂ.૩,૮૦૦/– વળતર આપવામાં આવે છે.

--------

**અમદાવાદ ખાતે નવી મેડીકલ કોલેજની સ્થાપના બાબત**

અતારાંકિતઃ ૫૮૮૮ (૨૯–૦૮–૧૯) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ફેફસાના રોગોની કા.રા.વિ.યો. હોસ્પિટલ, નરોડા, અમદાવાદ ખાતે નવી મેડીકલ કોલેજની સ્થાપના કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે શી રજુઆત કરી, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારને ક્યારે શાં પ્રતિભાવ મળ્યા?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૦૧–૧૦–૧૯)

(૧) કામદાર રાજ્ય વિમા નિગમ (ભારત સરકાર) દ્વારા નવી મેડિકલ કોલેજ શરૂ નહીં કરવાનો નિર્ણય થયેલ હોઈ કોઈ દરખાસ્ત કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં જોઈન્ટ રીપ્લેસમેન્ટના ઓપરેશન બાબત**

અતારાંકિતઃ ૫૯૨૩ (૨૯–૦૮–૧૯) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સીવીલ હોસ્પિટલ, અમદાવાદમાં જોઈન્ટ રીપ્લેસમેન્ટના કેટલા ઓપરેશનો વર્ષવાર થયા,

(૨) ઉક્ત સ્થિતિએ આ ઓપરેશન માટે કેટલો ચાર્જ વસુલવામાં આવે છે,

(૩) આવા ઓપરેશનો હોસ્પિટલના ચોપડે નોંધાયા પછી ખાનગી હોસ્પિટલોમાં ઓપરેશનો થાય છે, તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૪) જો હા, તો તે અન્વયે સરકારે શાં પગલાં લીધાં?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૧૭–૧૦–૧૯)

(૧) તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સીવીલ હોસ્પિટલ, અમદાવાદમાં જોઈન્ટ રીપ્લેસમેન્ટના ઓપરેશનો વર્ષવાર નીચે મુજબ થયા છે,

| ક્રમ | વર્ષ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૩૦૮ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૨૯૬ |
| ૩ | ૨૦૧૬–૧૭ | ૨૩૯ |
| ૪ | ૨૦૧૭–૧૮ | ૩૧૩ |
| ૫ | ૨૦૧૮–૧૯ | ૩૨૭ |

(૨) જોઈન્ટ રીપ્લેસમેન્ટના ઓપરેશનો માટે કોઈ ચાર્જ વસૂલવામાં આવતો નથી.

(૩) આ હકીકત સાચી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજીવ ગાંધી નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત મળેલ રકમ અંગે**

અતારાંકિતઃ ૫૯૬૪ (૨૩–૦૮–૧૯) **શ્રી મંગળભાઈ ગાવીત** (ડાંગ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજીવ ગાંધી નેશનલ રૂરલ હેલ્થ મિશન (એનઆરએચએમ) અન્વયે ભારત સરકાર તરફથી તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૩૦-૦૯-૧૯)

(૧) રાજીવ ગાંધી નેશનલ રૂરલ હેલ્થ મિશન નામની કોઈ યોજના અમલમાં નથી. અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ટીબી, રક્તપીત્ત, હેમોફેલીયા, કેન્સરના કેસો**

અતારાંકિતઃ ૬૦૧૨ (૨૯-૦૮-૧૯) **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ટી.બી., રક્તપિત્ત, હેમોફેલીયા, કેન્સર અને એઈડસના કેટલા કેસો નોંધાયા, અને

(૨) ઉક્ત રોગોના કેસો ઘટે તે માટે રાજ્ય સરકારે મુખ્યત્વે શા પગલાં લીધા?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૦૫-૧૧-૧૯)

(૧) *પત્રક-અ મુજબના કેસો નોંધાયા છે.

(૨) *પત્રક-બ મુજબના પગલાં લીધેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં જિલ્લાવાર ઓક્સીજનની શુધ્ધતા તપાસવા લેવાયેલ નમૂનાઓ**

અતારાંકિતઃ ૬૦૫૬ (૨૩-૦૮-૧૯) **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ઓક્સીજનની શુધ્ધતા તપાસવા કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, અને

(૨) ઉક્ત નમૂનાઓ પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા નમૂનાઓ અપ્રમાણિત થયા?

**નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) :** (૦૩-૧૦-૧૯)

(૧) રાજ્યમાં જિલ્લાવાર ઓક્સીજનની શુધ્ધતા તપાસવા કોઈ નમૂના લેવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમરેલી જીલ્લાની સરકારી જનરલ હોસ્પિટલમાં મેડીકલ સાધનો/મશીનો બંધ હોવા બાબત**

અતારાંકિતઃ ૬૧૬૧ (૨૯-૦૮-૧૯) **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમરેલી જિલ્લાની સરકારી જનરલ હોસ્પિટલમાં તા.૧૫-૦૮-૨૦૧૯ની સ્થિતિએ કયા કયા મેડીકલ સાધનો/ મશીનો બંધ હાલતમાં છે,

(૨) તે બંધ હોવાના શા કારણો છે, અને

(૩) તમામ બંધ પડેલ મેડીકલ સાધનો/મશીનો ક્યાં સુધીમાં ચાલુ કરવામાં આવશે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૧૭-૧૦-૧૯)

(૧) અમરેલી જિલ્લાની સરકારી જનરલ હોસ્પિટલમાં તા.૧૫-૦૮-૨૦૧૯ની સ્થિતિએ એક પણ મેડીકલ સાધનો/ મશીનો બંધ હાલતમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં રક્તપીત્ત, હેમોફેલીયા તથા કેન્સરના જેવા રોગોના નોંધાયેલા કેસો**

અતારાંકિતઃ ૬૨૦૭ (૦૫–૦૯–૧૯) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ટી.બી., રક્તપિત્ત, હેમોફેલીયા, કેન્સર અને એઈડસના કેટલા કેસો નોંધાયા, અને

(૨) ઉક્ત રોગોના કેસો ઘટે તે માટે રાજ્ય સરકારે મુખ્યત્વે શા પગલાં લીધા?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૦૫–૧૧–૧૯)

(૧) *પત્રક–અ મુજબના કેસો નોંધાયા છે.

(૨) *પત્રક–બ મુજબના પગલાં લીધેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**ઈડર ખાતે લાઈફ લાઈન હોસ્પિટલમાં મૃત્યું પામેલ દર્દીની સારવાર અર્થે ફરીયાદ**

અતારાંકિતઃ ૬૨૩૧ (૯–૯–૧૯) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૮–૨૦૧૯ની સ્થિતિએ ઓગસ્ટ–૨૦૧૯ માં સાબરકાંઠાના ઈડર શહેરમાં લાઈફ લાઈન હોસ્પિટલમાં દર્દીનું મૃત્યું થયું હોવા છતાં હોસ્પિટલ દ્વારા દર્દી માટે દવા મંગાવવા દર્દીના સગાઓને જણાવવામાં આવ્યું હતું તે અંગે આરોગ્ય વિભાગને કોઇ ફરીયાદ મળી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત ફરીયાદ અન્વયે સબંધિત હોસ્પિટલ સામે શી કાર્યવાહી કરી ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૧૬–૧૦–૧૯)

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા ગેરકાયદેસર ખનન**

અતારાંકિતઃ ૫૭૮૩ (૦૮–૦૮–૧૯) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અલ્ટ્રાટેક સિમેન્ટ દ્વારા ગેરકાયદેસર ખનન કરવામાં આવતું હતુ તેની સામે રૂ.૨૬૦.૮૪ લાખ દંડ કરવામાં આવ્યો છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧/૦૩/૨૦૧૯ સુધી ઉક્ત દંડ માંથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો અને કેટલો વસુલ કરવાનો બાકી છે, અને

(૩) ઉક્ત બાકી દંડ કેટલા સમયમાં વસુલ કરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) **:** (૧૫–૧૦–૧૯)

(૧) હા, જી.

(૨) તા.૩૧/૦૩/૨૦૧૯ સુધી ઉક્ત દંડ માંથી નામ.ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પેશયલ સીવીલ એપ્લીકેશન (SCA) નં.૧૩૬૭૭/૧૮ ના ઓર્ડર મુજબ રૂ.૬૫.૦૦ લાખની વસુલાત કરવામાં આવેલ છે અને રૂ.૧૯૫.૮૩ લાખ વસુલ કરવાના બાકી છે.

(૩) અપીલ/રીવીઝન/કોર્ટકેસ સહીતની તમામ ન્યાયિક પ્રક્રિયા પુર્ણ થયા બાદ વસુલવાની કાર્યવાહી થતી હોય છે.

--------

**ધોલેરા એસ.આઇ.આર.માં જમીન સંપાદન અન્વયે ખેડૂતોનું વળતર**

અતારાંકિતઃ ૫૮૭૦ (૩૦–૦૮–૧૯) **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધોલેરા એસ.આઇ.આર.(સર)માં સરકાર દ્વારા જમીન સંપાદન અન્વયે તા.૩૦/૦૬/૨૦૧૯ની સ્થિતિએ કેટલા ખેડૂતોને કેટલું વળતર આપવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને વળતર ચૂકવવાનું બાકી છે,

(૩) બાકી રહેલા ખેડૂતોને વળતર ચૂકવવાનું બાકી છે તેના કારણો શા છે, અને

(૪) બાકી રહેલા ખેડૂતોને ક્યાં સુધીમાં વળતર ચૂકવવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) **:** (૧૬–૧૦–૧૯)

(૧) ધોલેરા એસ.આઇ.આર.(સર)માં તા.૩૦/૦૬/૨૦૧૯ની સ્થિતિએ ૬૭૮ જમીન માલિકોને કુલ રૂપિયા ૬૬,૭૭,૦૦,૩૫૧/– વળતર આપવામાં આવ્યું.

(૨) ઉક્ત સ્થિતિએ જમીન માલિકોને વળતર ચૂકવવાનું બાકી નથી.

(૩) લાગુ પડતું નથી.

(૪) લાગુ પડતું નથી.

--------

**કૌશલ્ય વર્ધન તાલીમો માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ રકમ**

અતારાંકિતઃ ૫૯૫૮ (૨૯–૮–૧૯) **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા): **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં કૌશલ્ય વર્ધન કેન્દ્રો અને ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોની સ્થાપના, ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોને અપગ્રેડેશન, ટ્રેનીંગ ટુ ટ્રેનર્સ, કોર્સન અપગ્રેડેશન, ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને સોફ્ટ સ્કીલ તાલીમ માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, કે કેમ

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૨૯–૯–૧૯)

(૧) ના જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલ્ફેર સેસ પેટે જમા રકમ**

અતારાંકિતઃ ૬૦૦૧ (૨૨–૦૮–૧૯) **ડૉ. અનિલભાઇ જોષિયારા** (ભિલોડા): **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩/૧/૨૦૦૫ ના જાહેરનામા મુજબ જુદી જુદી એજન્સીઓ દ્વારા બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલ્ફેર સેસ પેટે કેટલી રકમ તા.૩૦/૦૬/૨૦૧૯ની સ્થિતિએ જમા થયેલ છે,

(૨) જમા થયેલ રકમ કયા હેતુઓ માટે વાપરવાની હોય છે, અને

(૩) જમા થયેલ રકમ પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી રકમ કયા હેતુ માટે વાપરવામાં આવી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૨૬–૯–૧૯)

(૧) રૂા. ૨૬૫૦.૩૫/– કરોડ

(૨) બાંધકામ શ્રમિકોના કલ્યાણ માટે તેમજ વિવિધ કલ્યાણકારી યોજનાકીય હેતુઓ માટે વાપરવાની હોય છે.

(૩) *પત્રક–અ મુજબ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**વકફ બોર્ડને ફાળવેલ રકમ**

અતારાંકિતઃ ૫૮૪૦ (૨૭–૦૮–૧૯) **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા): **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર વકફ બોર્ડને કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવવામાં આવેલ રકમ અન્વયે કેટલો ખર્ચ થયો ?

**કાયદા મંત્રીશ્રી :** (૫–૧૦–૧૯)

(૧) રાજ્ય સરકાર દ્વારા કોઇ રકમ ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સૌની યોજના માટે રાજ્ય સરકારે આપેલ ફંડ બાબત**

અતારાંકિતઃ ૫૮૨૨ (૨૯–૦૮–૧૯) **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપતિ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં સૌની યોજના માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમનું ફંડ આપવા, ક્યારે–ક્યારે માંગણી કરી હતી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે કેટલી રકમ ક્યારે ફંડ પેટે ફાળવી ?

**મુખ્યમંત્રીશ્રી** (જળસંપતિ) **:** (૨૫–૯–૧૯)

(૧) રૂ.૬૪૦૦ કરોડની યોજના માટે લોન મેળવવા તા.૨૩–૧૦–૨૦૧૬ ના રોજ કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત કરેલ.

(૨) નાબાર્ડ પાસેથી લોન મળતાં આ દરખાસ્ત પરત લેવામાં આવેલ છે.

--------

**પાણી પુરવઠા વિભાગ અને તાબાની કચેરીઓમાં મંજૂર મહેકમ**

અતારાંકિતઃ ૬૦૨૭ (૨૨–૦૮–૧૯) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય પાણી પુરવઠામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૯ની સ્થિતિએ પાણી પુરવઠા પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૧–૧૧–૧૯)

(૧) પાણી પુરવઠા પ્રભાગ – ૨૮

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ – ૩૭૫૧

ગુજરાત વોટર ઇન્ફ્રસ્ટ્રક્ચર લીમીટેડ – ૬૨

વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઝેશન – ૦૨

(૨) પાણી પુરવઠા પ્રભાગની માહિતી *પરિશિષ્ટ–૧

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ *પરિશિષ્ટ–૨

ગુજરાત વોટર ઇન્ફ્રસ્ટ્રક્ચર લીમીટેડ *પરિશિષ્ટ–૩

વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઝેશન *પરિશિષ્ટ–૪

(૩) – પાણી પુરવઠા પ્રભાગની જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ભરવામાં આવે છે.

– ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

– ગુજરાત વોટર ઇન્ફ્રસ્ટ્રક્ચર લીમીટેડ દ્વારા કોઇ ભરતી કરવામાં આવતી નથી. પરંતુ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પ્રતિનિયુક્તિથી ભરવામાં આવે છે.

– વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઝેશનની ખાલી જગ્યા ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં સરદાર આવાસ યોજના બાબત**

અતારાંકિતઃ ૩૧૦ (૧૬–૦૭–૧૮) **શ્રી પ્રવિણભાઇ મારૂ** (ગઢડા): **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર સરદાર આવાસ યોજના હેઠળ કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર કેટલા આવાસ બાંધવાની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત વહીવટી મંજૂરી પૈકી જિલ્લાવાર, વર્ષવાર કેટલા આવાસની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

**ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી :** (૩૦–૯–૨૦૧૯)

(૧) તા.૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતિએ

| વર્ષ | સરદાર આવાસ યોજના હેઠળ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું. |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૪૯૨૭૭ |
| ૨૦૧૪–૧૫ | ૨૫૦૧૪૧ |
| ૨૦૧૫–૧૬ | ૧૭૮૯૬૧ |
| ૨૦૧૬–૧૭ | ૦ |
| ૨૦૧૭–૧૮ | ૦ |
| **કુલ..** | **૪૭૮૩૭૯** |

(જિલ્લાવાર, વર્ષવાર *પત્રક સામેલ છે)

(૨)

| વર્ષ | સરદાર આવાસ યોજના હેઠળ વહીવટી મંજૂરી આપવામાં આવી |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૪૫૬૬૩ |
| ૨૦૧૪–૧૫ | ૧૭૯૪૩૩ |
| ૨૦૧૫–૧૬ | ૧૪૩૭૪૧ |
| ૨૦૧૬–૧૭ | ૦ |
| ૨૦૧૭–૧૮ | ૦ |
| **કુલ..** | **૩૬૮૮૩૭** |

(જિલ્લાવાર, વર્ષવાર *પત્રક સામેલ છે)

(૩)

| વર્ષ | સ.આ.યો. હેઠળ મહિલાઓના નામે આવાસની મંજૂરી આપવામાં આવી. |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૧૨૫૮૬ |
| ૨૦૧૪–૧૫ | ૪૬૫૯૬ |
| ૨૦૧૫–૧૬ | ૩૪૮૦૩ |
| ૨૦૧૬–૧૭ | ૦ |
| ૨૦૧૭–૧૮ | ૦ |
| **કુલ..** | **૯૩૯૮૫** |

(જિલ્લાવાર, વર્ષવાર *પત્રક સામેલ છે)

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**બોટાદ અને ભાવનગર જિલ્લામાં જમીન ભાડાપેટે અને વેચાણ**

અતારાંકિતઃ ૬૬ (૨૭–૦૨–૧૮) **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બોટાદ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પડતર, ગૌચર અને ખરાબાની કેટલી જમીન શા ભાવે ક્યાં હેતુ માટે ભાડાપટે(લીઝ)થી અથવા વેચાણથી કેટલાને આપવામાં આવી?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૬–૦૯–૧૯)

બોટાદ–*પત્રક–અ
ભાવનગર–*પત્રક–બ

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની મંજૂરી**

અતારાંકિતઃ ૨૦૮૦ (૮–૦૮–૧૮) **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ક્યા પ્રકારની કેટલી જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાની મંજૂરી આપવામાં આવી,

(૨) ઉક્ત શરતફેર અન્વયે તાલુકાવાર, વર્ષવાર સરકારને કેટલી આવક થઈ, અને

(૩) ઉક્ત શરતફેરની મંજૂરી આપવામાં આવેલ તે પૈકી કેટલી ગણોતીયાની જમીનનો સમાવેશ થતો હતો?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૪–૦૯–૧૯)

(૧) *પત્રક–અ મુજબ.
(૨) *પત્રક–બ મુજબ.
(૩) *પત્રક–ક મુજબ.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**મહેસૂલ વિભાગના અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

અતારાંકિતઃ ૨૩૭૪ (૨૦–૦૮–૧૮) **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ મહેસૂલ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીમાં સંવર્ગમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કેટલી જગ્યાઓ ખાલી, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૦–૦૯–૧૯)

ખંડ (૧), (૨), (૩) અને (૪) સામેલ *પત્રક મુજબ

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**ગાંધીનગરમાં સરકારી નિવાસસ્થાન તરીકે ફાળવેલ 'ક' ટાઈપના બંગલાઓ**

અતારાંકિતઃ ૫૯૫૨ (૨૯–૦૮–૧૯) **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગરમાં સેકટર–૧૯માં આવેલ ક ટાઈપના બંગલાઓ સરકારી નિવાસસ્થાન તરીકે ખાસ કિસ્સામાં ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ક ટાઈપના બંગલાઓ કોને ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ફાળવવામાં આવ્યા,

(૩) ફાળવવામાં આવેલ બંગલાઓમાં ક્યા પ્રકારની સુવિધાઓ સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં છે, અને

(૪) ખાસ કિસ્સામાં ફાળવવામાં આવેલ બંગલાઓ પેટે રાજ્ય સરકાર માસિક કેટલું ભાડુ વસુલે છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન):** (૨૨–૧૦–૧૯)

(૧), (૨), (૩) અને (૪) ના જી. અને તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાણીપ ખાતે રજિસ્ટ્રેશન વિના ચાલતી કેટલ માર્કેટ**

અતારાંકિતઃ ૫૭૦૪ (૧૮–૦૩–૧૯) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનીમલ્સ ઇન એનીમલ માર્કેટ રૂલ્સ–૨૦૧૮ અન્વયે અમદાવાદના રાણીપ ખાતે ચાલતી કેટલી માર્કેટ (બકરામંડી) ઉપરોક્ત કાનૂની જોગવાઈ હેઠળ રજીસ્ટ્રેશન વિના જ વર્ષોથી ગેરકાયદે ચાલી રહી છે તે ગંભીર હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) આ ગેરકાયદે કેટલ માર્કેટ (બકરામંડી)ને બંધ કરવા શી કાર્યવાહી કરી?

**મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ):** (૩૦–૦૮–૧૯)

(૧) રાણીપ ખાતેની કેટલ માર્કેટને કલેકટરશ્રી અમદાવાદના તા.૨૧.૧૦.૧૯૫૨ના પત્રથી પરવાનગી અપાયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાણીપ ખાતે ગેરકાયદેસર ચાલતી બકરામંડી**

અતારાંકિતઃ ૫૭૨૦ (૦૭–૦૬–૧૯) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદમાં રાણીપ ખાતે આવેલ બકારામંડી ગેરકાયદે ચાલી રહી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો લાંબાસમયથી ગેરકાયદે ચાલતી આ બકરા–મંડીને ચાલવા દેવાના શા કારણો છે અને,

(૩) આ ગેરકાયદે બકરામંડી બંધ કરવા શી કાર્યવાહી થઈ છે?

**મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ):** (૩૦–૦૮–૧૯)

(૧) ના, જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં આવેલ પુરાતન સ્થળોને મંજૂર થયેલ મહેકમ બાબત**

અતારાંકિતઃ ૬૧૨૭ (૨૮–૦૮–૧૯) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા): **માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કયા મહત્વના પુરાતન સ્થળો રાજ્ય સરકાર હસ્તક છે,

(૨) ઉક્ત દરેક પુરાતન સ્થળોએ મંજુર થયેલ મહેકમ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવત્તિઓના મંત્રીશ્રી (રાજ્યકક્ષા):** (૧૧–૧૦–૧૯)

(૧) તા.૩૦–૦૬–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૩૬૧ મહત્વના પુરાતન સ્મારકો રાજ્ય સરકાર હસ્તક છે. જેની વિગતો આ સાથેના *પત્રક મુજબ છે.

(૨)

| વર્ગ | કુલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૦૨ | ૦૦ | ૦૨ |
| વર્ગ–૨ | ૧૩ | ૦૨ | ૧૧ |
| વર્ગ–૩ | ૪૭ | ૧૨ | ૩૫ |
| વર્ગ–૪ | ૫૩ | ૩૭ | ૧૬ |
| **કુલ** | **૧૧૫** | **૫૧** | **૬૪** |

(૩) શક્ય તેટલી ત્વરાથી ઉક્ત ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**પાવર પ્રોજેક્ટ ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ. પૈકી કાર્યાન્વિત પ્રોજેક્ટ**

અતારાંકિતઃ ૩૭૨૦ (૨૮–૧૨–૧૮) **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ): **તેરમી વિધાનસભાનાં પ્રથમ સત્રમાં તા.૨૫–૦૩–૨૦૧૩ના રોજ રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૬૨૭ (અગ્રતા–૩૫)ના અનુસંધાને માનનીય ઉર્જામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) ૨૦૦૯ અને ૨૦૧૧ના વર્ષમાં યોજાયેલ વાયબ્રન્ટ સમિટ અન્વયે પાવર પ્રોજેક્ટ ક્ષેત્રે થયેલા ૨૦૬ એમ.ઓ.યુ. પૈકી તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ પ્રોજેક્ટવાર કેટલું મુડી રોકાણ થયું, અને

(૨) ઉક્ત સ્થિતિએ કયા પ્રોજેક્ટ પડતા મુકાયા, તેમાં કેટલું મુડી રોકાણ થવાનું હતું?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૧–૦૮–૧૯)

(૧) અને (૨) ૨૦૦૯ અને ૨૦૧૧ના વર્ષમાં યોજાયેલ વાયબ્રન્ટ સમિટ અન્વયે પાવર પ્રોજેક્ટ ક્ષેત્રે થયેલ ૨૦૬ એમ.ઓ.યુ. પૈકી તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ પ્રોજેક્ટવાર થયેલ મુડી રોકાણ તેમજ ઉક્ત સ્થિતિએ પડતાં મુકાયેલ પ્રોજેક્ટ તથા તેના માટેના અંદાજિત મુડી રોકાણની વિગતો ***પત્રક–અ** મુજબ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**ગોદી લંગર સ્થાન અને જેટીના બાંધકામ માટે ભારત સરકાર ધ્વારા મળેલ રકમ**

અતારાંકિતઃ ૫૯૬૮ (૩૦–૦૮–૧૯) **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગોદી, લંગર સ્થાન અને જેટીના બાંધકામ માટે ભારત સરકાર તરફથી તા.૩૦/૦૬/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ કયા કામ માટે ખર્ચ કરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (બંદરો):** (૨૪-૦૯-૧૯)

(૧) ના, જી.

(૨) લાગુ પડતુ નથી.

(૩) લાગુ પડતુ નથી.

---------

**રાજ્યમાં જિલ્લાવાર વાહનોમાં પસંદગીના નંબર મેળવવા મળેલ અરજીઓ**

અતારાંકિતઃ ૬૦૮૯ (૨૮-૦૮-૧૯) **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ): **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર વાહનોમાં પસંદગીના નંબર મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે જીલ્લાવાર, વર્ષવાર કેટલા વાહનોમાં પસંદગીના નંબરો ફાળવવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે વર્ષવાર, જિલ્લાવાર સરકારને કેટલી આવક થઈ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :** (૨૫-૧૦-૧૯)

(૧) તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર વાહનોમાં પસંદગીના નંબર મેળવવા નીચેની વિગતે અરજીઓ મળી.

| **વર્ષ** | **વાહનોમાં પસંદગીના નંબર મેળવવા મળેલ અરજીની સંખ્યા** | **જિલ્લાવાર વાહનોમાં પસંદગીના નંબર મેળવવા મળેલ અરજીની સંખ્યા** |
|---|---|---|
| ૦૧-૦૭-૨૦૧૪<br>૩૦-૦૬-૨૦૧૫ | ૨૩૪૩૭૩ | આ સાથે સામેલ ‘‘*પત્રકની કોલમ-૪’’ માં દર્શાવેલ છે. |
| ૦૧-૦૭-૨૦૧૫<br>૩૦-૦૬-૨૦૧૬ | ૨૪૪૩૨૭ | |
| ૦૧-૦૭-૨૦૧૬<br>૩૦-૦૬-૨૦૧૭ | ૨૫૪૯૪૮ | |
| ૦૧-૦૭-૨૦૧૭<br>૩૦-૦૬-૨૦૧૮ | ૨૬૨૯૫૬ | |
| ૦૧-૦૭-૨૦૧૮<br>૩૦-૦૬-૨૦૧૯ | ૨૪૦૨૧૪ | |
| **કુલ** | **૧૨૩૬૮૧૮** | **૧૨૩૬૮૧૮** |

(૨) તે અન્વયે જિલ્લાવાર, વર્ષવાર નીચેની વિગતે વાહનોમાં પસંદગીના નંબરો ફાળવવામાં આવ્યા.

| **વર્ષ** | **પસંદગીના નંબર ફાળવવામાં આવેલ વાહનોની સંખ્યા** | **જિલ્લાવાર પસંદગીના નંબર ફાળવવામાં આવેલ વાહનોની સંખ્યા** |
|---|---|---|
| ૦૧-૦૭-૨૦૧૪<br>૩૦-૦૬-૨૦૧૫ | ૨૨૦૯૮૭ | આ સાથે સામેલ ‘‘*પત્રકની કોલમ-૫’’ માં દર્શાવેલ છે. |
| ૦૧-૦૭-૨૦૧૫<br>૩૦-૦૬-૨૦૧૬ | ૨૩૧૮૦૬ | |
| ૦૧-૦૭-૨૦૧૬<br>૩૦-૦૬-૨૦૧૭ | ૨૪૧૩૬૭ | |
| ૦૧-૦૭-૨૦૧૭<br>૩૦-૦૬-૨૦૧૮ | ૨૪૯૯૫૬ | |
| ૦૧-૦૭-૨૦૧૮<br>૩૦-૦૬-૨૦૧૯ | ૨૨૬૮૫૨ | |
| **કુલ** | **૧૧૭૦૯૬૮** | **૧૧૭૦૯૬૮** |

(૩) તે અન્વયે વર્ષવાર, જિલ્લાવાર સરકારને નીચેની વિગતે આવક થઈ.

<table>
<tr><th>વર્ષ</th><th>સરકારને થયેલ આવક (રૂ.)</th><th>જિલ્લાવાર સરકારને થયેલ આવક (રૂ.)</th></tr>
<tr><td>૦૧-૦૭-૨૦૧૪<br>૩૦-૦૬-૨૦૧૫</td><td>૫૧૮૭૬૪૨૯૩</td><td rowspan="5">આ સાથે સામેલ ''*પત્રકની કોલમ-૬'' માં દર્શાવેલ છે.</td></tr>
<tr><td>૦૧-૦૭-૨૦૧૫<br>૩૦-૦૬-૨૦૧૬</td><td>૫૭૪૯૫૭૮૭૬</td></tr>
<tr><td>૦૧-૦૭-૨૦૧૬<br>૩૦-૦૬-૨૦૧૭</td><td>૬૧૪૯૫૪૫૩૫</td></tr>
<tr><td>૦૧-૦૭-૨૦૧૭<br>૩૦-૦૬-૨૦૧૮</td><td>૬૫૫૪૩૭૨૬૨</td></tr>
<tr><td>૦૧-૦૭-૨૦૧૮<br>૩૦-૦૬-૨૦૧૯</td><td>૬૪૧૮૮૬૧૭૦</td></tr>
<tr><td>**કુલ**</td><td>**૩૦૦૬૦૦૦૧૩૬**</td><td>**૩૦૦૬૦૦૦૧૩૬**</td></tr>
</table>

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**ડીસ્ટ્રીક્ટ ક્રિમીનલ ઈન્જરીઝ, રીલીફ એન્ડ રીહેબીલીટેશન બોર્ડની રચના બાબત**

અતારાંકિતઃ ૧૮૭૨ (૦૨-૦૮-૧૮) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) બળાત્કારનો ભોગ બનેલ મહિલાઓને સહાય આપવાની યોજનાના અમલીકરણ માટે ડિસ્ટ્રીક્ટ ક્રિમીનલ ઈન્જરીઝ, રીલીફ એન્ડ રીહેબીલીટેશન બોર્ડની રચના તા.૩૦-૦૬-૨૦૧૮ની સ્થિતિએ કેટલા જિલ્લામાં કરવાની બાકી છે,

(૨) ક્યા જિલ્લામાં રચના કરવાની બાકી છે, અને

(૩) તેના કારણો શાં છે અને બાકી જિલ્લાઓમાં ક્રિમીનલ ઈન્જરીઝ, રીલીફ એન્ડ રીહેબીલીટેશન બોર્ડની રચના ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :** (૨૫-૦૭-૨૦૧૯)

(૧) ગૃહ વિભાગના તા.૨૬-૦૪-૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ GG/47/2019/SB.2/COM/132018/663 થી રેપ વિક્ટીમ સહાય ચુકવવાની કામગીરી કાનુની સેવા સત્તા મંડળ મારફત કરવાની થતી હોય બોર્ડની રચના કરવાની રહેતી નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સરકારી નોકરી કરતા અધિકારી/કર્મચારીઓના પ્રમાણપત્રોની ચકાસણી**

અતારાંકિતઃ ૫૭૫૨ (૧૧-૦૭-૧૯) **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) આદિજાતિ વિકાસ વિભાગ મારફતે બનાવવામાં આવેલ જાતીના પ્રમાણપત્રો ચકાસણી માટેની સમિતિએ ગીર, બરડા, આલેચના મૂળ નિવાસી સિવાયના ભરવાડ, ચારણ વગેરેના સરકારી નોકરી કરતા અધિકારી/કર્મચારીઓના કેટલા પ્રમાણપત્રોની ચકાસણી તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરી,

(૨) ઉકત ચકાસણી દરમ્યાન કેટલા ખોટા પ્રમાણપત્રો સામે આવ્યા, અને

(૩) ખોટા પ્રમાણપત્રો ધરાવનાર સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :** (૧૭-૦૯-૧૯)

(૧) ૧૦૫ પ્રમાણપત્રો

(૨) ૪૧ પ્રમાણપત્રો

(૩) ખોટા સાબિત થયેલ જાતિ પ્રમાણપત્રોના ઉમેદવારના જાતિ પ્રમાણપત્ર રદના હુકમ કરી તેમના ખાતાના વડાઓને મોકલી આપી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા જે-તે ખાતાના વડાને જણાવેલ છે.

--------

## રબારી, ચારણ અને ભરવાડ જાતિઓના પ્રમાણપત્રોની ચકાસણી

અતારાંકિતઃ ૫૭૫૩ (૧૦-૦૭-૧૯) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રબારી, ચારણ અને ભરવાડ જાતિઓને અનુસૂચિત જનજાતિના આપવામાં આવેલ દાખલાઓ/પ્રમાણપત્રોની વિશલેષણ સમિતિ દ્બારા કેટલા પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવી,

(૨) તપાસ દરમ્યાન કેટલા પ્રમાણપત્રો ખોટા સાબિત થયા, અને

(૩) ખોટા સાબિત થયા હોય તેવાં કિસ્સામાં કયા જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :** (૧૩-૦૯-૧૯)

(૧) ૧૩૧ પ્રમાણપત્રો

(૨) ૪૧ પ્રમાણપત્રો

(૩) ખોટા સાબિત થયેલ જાતિ પ્રમાણપત્રોના ઉમેદવારના જાતિ પ્રમાણપત્ર રદના હુકમ કરી તેમના ખાતાના વડાઓને મોકલી આપી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા જે-તે ખાતાના વડાને જણાવેલ છે.

--------

## અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૫૭૩૨, ૬૨૦૫ | ૨ |
| ૨ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૫૯૫૦, ૬૦૭૯, ૬૦૮૦ | ૩ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૩૮૨૫, ૪૨૮૭, ૪૮૨૪, ૬૧૦૧ | ૪ |
| ૪ | નાણા વિભાગ | ૫૭૫૭, ૫૯૧૨, ૬૧૩૧ | ૩ |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૬૦૦૮, ૬૦૪૫, ૬૧૯૦, ૬૨૦૯ | ૪ |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૫૧૬૦, ૫૭૯૭, ૫૮૩૨, ૫૯૮૨ | ૪ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫૮૫૬, ૫૮૮૮, ૫૯૨૩, ૫૯૬૪, ૬૦૧૨, ૬૦૫૬, ૬૧૬૧, ૬૨૦૭, ૬૨૩૧ | ૯ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૫૭૮૩, ૫૮૭૦ | ૨ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૫૯૫૮, ૬૦૦૧ | ૨ |
| ૧૦ | કાયદા વિભાગ | ૫૮૪૦ | ૧ |
| ૧૧ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૫૮૨૨, ૬૦૨૭ | ૨ |
| ૧૨ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૧૦ | ૧ |
| ૧૩ | મહેસૂલ વિભાગ | ૬૬, ૨૦૮૦, ૨૩૭૪ | ૩ |
| ૧૪ | માર્ગ અને મકાન વિભાગ | ૫૯૫૨ | ૧ |
| ૧૫ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૫૭૦૪, ૫૭૨૦ | ૨ |
| ૧૬ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૬૧૨૭ | ૧ |
| ૧૭ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૩૭૨૦ | ૧ |
| ૧૮ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૫૯૬૮, ૬૦૮૯ | ૨ |
| ૧૯ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૮૭૨ | ૧ |
| ૨૦ | આદિજાતિ વિકાસ વિભાગ | ૫૭૫૨, ૫૭૫૩ | ૨ |
| | | **કુલ** | **૫૦** |

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# ચૌદમી ગુજરાત વિધાનસભા

## પાંચમુ સત્ર, ૨૦૧૯

## શુધ્ધિપત્રક

### ત્રીજી અતારાંકિત યાદી

| અ.નં. | અતારાંકિત પ્રશ્ન ક્રમાંક | પા.નં. | વિગત | અશુધ્ધ | શુધ્ધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૧૬૧ | ૧૦ | માનનીય મંત્રીશ્રીનો હોદ્દો | માનનીય મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) | માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) |
| ૨ | ૬૦૦૧ | ૧૨ | સભ્યશ્રીનું નામ | ડૉ.અનિલભાઈ જોષિયારા | ડૉ.અનિલ જોષિયારા |

### પાંચમી અતારાંકિત યાદી

| અ.નં. | અતારાંકિત પ્રશ્ન ક્રમાંક | પા.નં. | વિગત | અશુધ્ધ | શુધ્ધ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૬૦૨૪ | ૨૨ | જવાબ ખંડ-૧ની છેલ્લી લીટી | તેવી એકપણ | તેવો એકપણ |
| ૦૨ | ૬૦૮૭ | ૪૮ | જવાબ ખંડ-૧ના પત્રકમાં કોલમ-૨નું શિર્ષક | મહાનગરપાલિકા | નગરપાલિકા |
| ૦૩ | ૬૨૨૦ | ૪૮ | પ્રશ્નનું શિર્ષક | મહેસૂલ વિભાગના અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | અમરેલી જિલ્લામાં પડતર મહેસૂલી તુમારો |
| ૦૪ | ૬૨૨૨ | ૪૯ | પ્રશ્નનું શિર્ષક | મહેસૂલ વિભાગના અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | પાટણ જિલ્લામાં પડતર મહેસૂલી તુમારો |

*****************